નવેનવા પેવીંગ બ્લોકના ભૂકકા; શહેરમાં ઠેરઠેર કચરા-ગંદકીનું સુશોભન!

સ્માર્ટ સીટી અને સ્વચ્છ નગરના રેન્કીંગમાં ૧૮માં ક્રમ પર આવેલા રાજકોટ મહાનગરમાં તા.૫ જૂનથી લોકો માટે ભીના અને સુકા કચરા માટે અલગ અલગ કચરાપેટી ફરજીયાત બનાવવામાં આવી રહી છે ત્યારે મહાનગરના અનેક વિસ્તારમાં તંત્રની બેદરકારીથી રેન્કીંગમાં તળીયે રહેલા નગર જેવા દ્રશ્યો જોવા મળે છે. મનપાની મંજુરીથી ખાનગી કંપનીઓ દ્વારા ખોદકામ અને અન્ડર ગ્રાઉન્ડ કેબલીંગ સતત ચાલુ રહે છે પરંતુ ડીપોઝીટ લઈ લેવા છતા રસ્તા કે ખોદાયેલા બ્લોક ફરી ફીટ કરવાની કામગીરીમાં મનપા કાયમ નાદાર રહે છે. વિપક્ષ તો ઠીક શાસક પક્ષના કોર્પોરેટરો પણ આ મામલે દેકારો કરે છે. વોર્ડ નં.૨ના સર્કીટ હાઉસ રોડ ઉપર શારદાબાગ સામેની ફુટપાથ પર નવા સજાવાયેલા પેવીંગ બ્લોક મંજુરીથી કંપનીએ તોડ્યા છે પરંતુ અઠવાડીયાથી તેનું રીપેરીંગ કોઈ કરતું નથી. કસ્તુરબા એક્સચેન્જ વાળી શેરીમાં તો પેવીંગ બ્લોક તોડવા માટે જ નખાતા હોવાનું ઉપરની પ્રથમ તસ્વીર પરથી લાગે છે. અહીં મહિનાઓથી આવી હાલત રહેલી છે. જો મનપા રીપેરીંગ કરવાનું ન હોય તો કંપનીઓ પાસેથી ડીપોઝીટના રૂપિયા શું પગાર ચુકવવા માટે ઉઘરાવે છે? તેવો પ્રશ્ન થાય છે. વોર્ડ નં.૭ના રઘુવીરપરા વિસ્તારમાં પણ ગેસ લાઈન માટે ખોદકામ કર્યા બાદ પેવીંગ બ્લોકના ખાડા જેમના તેમ પડયા છે. બીજી તરફ હનુમાન મઢી ચોકમાં અલ્કાપુરીના ખુણે જલીયાણ ૪/૧૦ વિસ્તાર આવેલા છે. આ જગ્યા તો કોર્પો.ની જવાબદારીમાં ન હોય તે રીતે આટલી હદે ગંદકી પડી રહે છે. ગૌમાતા પ્લાસ્ટીક ખાતી નજરે પડે છે. આવા વિસ્તારો માટે કોર્પોરેટરો અને પદાધિકારીઓએ ખાસ રાઉન્ડ લેવાની જરૂર હોવાનો મત છે. (તસ્વીરઃ અરવિંદ વાઘેલા)



(તસ્વીરઃ ભાવીન રાજગોર)

આર.ટી.ઓ દ્વારા ટુ-વ્હીલરનાં નંબરની નવી સિરીઝ ખુલી

૧ નંબરના રૂા.૮૧ હજાર અને ૭ નંબરના રૂા.૭૧ હજાર ઉપજયા

૮૭૯ અરજીઓ પૈકી ૬૭૯-મંજુરઃ તંત્રને કુલ રૂા.૧૬.૨૦ લાખની આવક થઈ

રાજકોટ તા.૨૫

રાજકોટ જીલ્લા આર.ટી.ઓ. તંત્ર દ્વારા ટુ-વ્હીલરનાં નવા નંબરની જીજે-૩-જેએસ સિરીઝ અને પસંદગી બહાર પાડવામાં આવી છે અને પસંદગીનાં સિલ્વર તથા ગોલ્ડન નંબરોની ફાળવણી કરાઈ હતી. આર.ટી.ઓ. પાસે જુદા-જુદા નંબરો માટે ૮૭૯ અરજીઓ આવી હતી જે પૈકી ૬૭૯ અરજીઓ મંજુર થઈ હતી. અને આર.ટી.ઓ તંત્રને નંબરોની ફાળવણી થકી કુલ રૂા.૧૬.૨૦ લાખની આવક થઈ હતી.

આ અંગેની જીલ્લા આર.ટી.ઓ કચેરીનાં સુત્રોમાંથી પ્રાપ્ત થતી વધુ વિગતો મુજબ ગોલ્ડન-સિલ્વર નંબરોની ફાળવણી પૈકી સૌથી વધુ ૧-નંબરની આવક થઈ હતી. ૧-નંબરના સૌથી વધુ રૂા.૮૧,૧૮૧ ઉપજયા હતા.

તેમજ ૭-નંબરનાં રૂા.૭૧,૧૧૬ ઉપજયા હતા. જયારે, ૯૯૯૯-નંબરના રૂા.૩૧,૯૯૯, ૧૧૧૧-નંબરના

રૂા.૩૧,૧૧૧, ૯૯૯-નંબરના રૂા.૨૭,૨૭૦ તથા ૪-નંબરનાં રૂા.૨૫,૭૭૦, ૩૩૩-નંબરનાં રૂા.૨૫,૦૦૦, ૫-નંબરના રૂા.૨૨,૫૫૫, ૮ નંબરના રૂા.૧૮,૮૮૮, ૧૧૧-નંબરના રૂા.૧૫,૫૫૫, ૬૦૦-નંબરના રૂા.૧૫,૫૫૫, ૪૭-નંબરના રૂા.૧૫,૪૪૭ જયારે ૭૭૭૭-નંબરનાં રૂા.૧૧,૫૧૧ તેમજ ૫૫૫-નંબરના રૂા.૧૧,૧૧૧ ઉપજયા હતા.

ઉપરાંત ૩૦૩-નંબરના રૂા.૧૧,૦૧૧, ૧૨૩૪-નંબરના રૂા.૧૦,૨૩૪, તેમજ ૯૨-નંબરનાં રૂા.૧૦,૧૧૦ તેમજ ૭૮૬-નંબરનાં રૂા.૧૦,૦૦૧, ૯૯-નંબરના રૂા.૯૯૯૯, ૯૦૦૯ નંબરના રૂા.૯,૫૫૫, અને ૧૨૧૨-નંબરના રૂા.૯,૨૧૨ તથા ૭૭૭-નંબરનાં રૂા.૬૦૦૦ ઉપજયા હતા.

આમ રાજકોટ આર.ટી.ઓ. તંત્રને નવા સિરીઝના નંબરોની ફાળવણી પૈકી રૂા.૧૬.૨૦ લાખની નોંધપાત્ર આવક થઈ હતી.

સ્વાદનો ચસ્કો! ફળોના રાજા કેરીના ઢગલેઢગલાથી વખારો છલકાઈ

કેરીની જંગી આવક, ભાવો તળીયા તરફ

હાફુસ ઉપરાંત કેસરનો મોટી માત્રામાં ઠલવાતો માલ

કેસર કેરીના બોકસના ૪૦૦ થી ૮૦૦, હાફુસ પેટીના ૧૦૦૦ થી ૨૦૦૦

રાજકોટ તા.૨૫

આ વર્ષે રાજકોટની બજારોમાં ઉનાળાની ઋતુમાં કેરીના માર્કેટમાં ધૂમ ખરીદી નીકળી છે. ઓણસાલ ગીર પંથકમાં કેસર કેરીનો પાક સારો ઉતરતા સમગ્ર ગુજરાત-સૌરાષ્ટ્ર ની સાથે રાજકોટમાં ગીરની કેસર કેરીઓની પેટીઓનો મોટો જથ્થો રાજકોટની માર્કેટમાં ઠલવાતા કાચી અને પાકી કેસર કેરીનું ધુમ વેચાણ થઈ રહ્યું છે. સાથે હાફુસ, તોતાપુરી, જમાદાર, રાજાપુરી વિ. જાતોની કેરીનું વેચાણ થઈ રહ્યું છે.

રાજકોટ સદર બજાર, જયુબેલી ચોક, મવડી, રૈયા, કાલાવડરોડ, ગોંડલરોડ, ભાવનગર રોડ વિ. સ્થળોએ રાજકોટવાસીઓ કેસર કેરી અને હાફુસ કેરીની ખરીદી કરવા ઉમટી રહ્યા છે. આ વર્ષે ગત વર્ષની સરખામણીએ ૧૫થી૨૦ ટકા ભાવવધારો હોવા છતાં કેરીની ખરીદીમાં કોઈ મંદી આવી નથી. કેસર કેરી અને હાફુસ કેરીની ગ્રાહકો હોંશે હોંશે ખરીદી કરતા હોવાનું વેપારીઓએ જણાવ્યું હતું.

રાજકોટમાં કેસર, હાફુસ કેરી ઉપરાંત રત્નાગીરી, પાયરી, જમાદાર, રાજાપુરી તાની કેરીનું વેચાણ પણ સારું છે.

આ વર્ષે તાલાળા ગીર અને કચ્છની કેસર કેરી અને રત્નાપુરીની હાફુસ સાથે પાયરી કેરીની ડીમાન્ડ પણ સારી રહી હોવાનું વેપારીઓએ જણાવ્યું હતું. દેવગઢની પાયરી કેરી પ્રતિ કિલો રૂા.૧૦૦ લેખે વેચાણ થઈ રહ્યું છે. જૂનાગઢની પાયરી કેરીનાં ભાવો તળીયે બેસી ગયા છે. ઓણસાલ ઉનાળાની ગરમી અને સારા પાકથી સ્વાદ રસિક રાજકોટીયનોને કેરીનો સ્વાદ માણવાનો મહામુલો અવસર સાંપડયો છે. જુલાઈનાં અંત સુધી વેચાણ થઈ શકે તેટલો માલ રાજકોટની બજારોમાં ઠલવાયો છે. પરંતુ જૂન માસનાં પ્રારંભે આ વર્ષે વરસાદની આગાહી વરતારો થતાં વરસાદ વરસ્યા બાદ કેરીનું બજાર સમેટાઈ જશે.

કેસર કેરી અને હાફુસ કેરીને વર્ષભર ઠંડી રાખી સાચવવા આરોગ્યવાળાએ પણ કેરીની ખરીદી કરી લીધી હોવાનું વેપારીઓએ જણાવ્યું હતું.

બજારમાં હાલ કેસર કેરીનાં છૂટક વેચાણમાં પાકેલી કેસર કેરી પ્રતિ કિલો રૂા.૬૦ થી ૧૦૦ અને હાફુસ પ્રતિ કિલો ગ્રામ રૂા.૧૦૦ થી રૂા.૧૫૦ છે. જ્યારે કાચી કેરીની પેટીમાં કેસર કેરી (૧૦ કિ.ગ્રા.) રૂા.૪૫૦ થી રૂા.૮૦૦ અને હાફુસની પેટી રૂા.૧૦૦૦થી રૂા.૨૫૦૦નાં ભાવે ધડાધડ વેચાણ થઈ રહ્યું છે.

સ્વાદ પ્રિય રાજકોટીયનો આ વર્ષે પણ કેરીની ખરીદીમાં તાલાળા ગીર અને કચ્છની કેસર કેરી અને દેવગઢ રત્નાવરીની હાફુસ કેરી ખરીદવાનું વધુ પસંદ કર્યુ છે. આ વર્ષે કેરીનો પાક સારો હોવાથી રાજકોટની તમામ બજારો, પરા, વિસ્તારો, શેરી, મુખ્ય માર્ગો હાઈવે માર્ગો પર કેરીનું વેચાણ થઈ રહ્યું છે. રાજકોટની સદર બજાર, શાકમાર્કેટ અને રેકડીઓમાં કેસર કેરી, હાફુસ કેરી ગૃહસ્થોનાં ઘર ઘર સુધી પહોંચી છે. ઉત્સવપ્રિય રંગીલા રાજકોટવાસીઓ કેરીનોભર પેટ સ્વાદ માણી રહ્યા છે.

મકાન વેચવાનું છે
"સતીમાં" કોર્મશીયલ લાયક
રૈયા ટેલીફોન એક્સચેન્જ મેઈન રોડ
તુલસી બાગ પાસે, ૬૭ વાર
કોન્ટેક વિનેશભાઈ 85 110033 87 99 78888 501

મોરબી
રવાપર રોડ,
એવન્યુ પાર્ક
પ્લોટ વેચવાના છે.
Mo. 98252 28858

બંગલો વેચવાનો છે
રાજકોટ એરપોર્ટ થી તદ્દન નજીક ૪ B.H.K કુલ્લી ફર્નિશ્ડ
૧૦૪ વાર
Mo. 98252 28858

મોરબી (શીવપુર)
આંબાવાડી વેચવાની છે
૪૨ વિઘા
Mo. 98252 28858

મોરબી
ફ્લેટ વેચવાના છે.
રવાપર રોડ,
૪ બેડ, હોલ, કિચન
Mo. 98252 28858

RCC BANK
ધી રાજકોટ કોમ. કો. ઓપ. બેંક લી.
ડેરા ડેડીટ ૧૦.૯૫ થી ૧૧.૯૫% મશીનરી લોન ૧૧.૫૦%
ચાર્જલેસ બેંકીંગ સેવા
બાંધી મુદત થાપણ, સેવિંગ્સ એકાઉન્ટ, કરન્ટ એકાઉન્ટ ઉપરના ચેકબુક ચાર્જ, RTGS ચાર્જ, NEFT ચાર્જ, ચેક રીટર્ન ચાર્જ, પાસબુક ચાર્જ, પાસબુક/સ્ટેટમેન્ટ ચાર્જ, એકાઉન્ટક્લોઝર ચાર્જ, સોલ્વન્સી સર્ટીફીકેટ ચાર્જ, બેંક ગેરેન્ટી ચાર્જ વગેરે ચાર્જ લેવામાં આવશે નહીં
મુખ્ય શાખા "સુવિધા", આલ્ફેડ હાઈસ્કૂલ પાછળ, ઢેબર રોડ પ્લ-પે, રાજકોટ. ફોન : ૨૨૩૮૯૪૬/૭૮
રૈયા રોડ શાખા રૈયા મેઈન રોડ
મવડી રોડ શાખા મવડી રોડ, ઓવર બ્રિજ પાસે
વાણિયાવાડી શાખા વાણિયાવાડી મેઈન રોડ
બેડી ગાર્ડ શાખા નવા માર્કેટીંગ યાર્ડ, બેડી
સીટીઝન ચાર્ટર, ફેર પ્રેકટીસ કોડ, લોકપાલ, આર.ટી.આઈ. દ્વારા પારદર્શક વહીવટ

ગુજરાતની અગ્રણી ટેમ્પરરી લાઈટીંગ કંપની માટે નીચે મુજબ સ્ટાફ જોઈએ છે
• વાયરમેન-૧૦ • ઈલે. સુપરવાઈઝર-૨ • ટ્રાન્સપોર્ટ સુપરવાઈઝર-૧ • મિકેનીક-૧ (ટાટા/આઈશર/લેલેન્ડ)
અનુભવ ૨ વર્ષ
ઈંગ્લીશ/ગુજરાતી ટાઈપીસ્ટ-૧
કોમ્પ્યુટર ઓપરેટર-૧ (MS OFFICE જાણકાર)
અનુભવના પુરાવા તથા અપેક્ષીત પગાર સાથેનો બાયોડેટા નીચે આપેલ ઈ-મેલ તથા વોટસએપ કરવો.
ઈ-મેલ :- sarthaksavaliya.9999@gmail.com
મો.:- 90994 51252

તમારી
જાહેરાત
હવે તમારા ગ્રાહકની આંગળીનાં ટેરવે...!
ડીજીટલ ઈન્ડીયા તરફ વધુ એક કદમ...
Dollartune
Fayde Ki Ghanti
ડોલરટ્યુનની સાથે...!
૧૦૦% ઈફેકટીવ મીડીયા
એડ ડીલીવરીની ગેરેન્ટી
પહોંચો તમારા ટારગેટ ઓડીયન્સ પાસે
રીંગટોન • બેનર એડ • ઓડીયો એડ
વીડીયો એડ • એપ પ્રોમોશન્સ • ઓફર્સ
Google play
redemption gateway paytm
વધુ વિગત માટે સંપર્ક કરો
૯૦૯૯૦ ૮૪૨૦૫ - ૯૦૯૯૦ ૮૪૨૦૪
hello@dollartune.in • www.dollartune.in

નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર ધીરજલાલ મોહનલાલ લુણાગરીયા જાહેર કરૂ છું કે મારૂ નામ ધીરૂ મોહનલાલ લુણાગરીયામાંથી બદલાવીને ધીરજલાલ મોહનલાલ લુણાગરીયા કરેલ છે અને હવે પછી હું ધીરજલાલ મોહનલાલ લુણાગરીયા તરીકે ઓળખાઈશ.

ધીરજલાલ મોહનલાલ લુણાગરીયા
"અંબિકા" મારૂતિનગર, ૫૦ ફુટ મેઈન રોડ, કુવાડવા રોડ, રાજકોટ-૩
તા. ૨૪/૫/૨૦૧૭

સાંજ સમાચાર
ટૂંકી જાહેરાત
સાંજ સમાચારમાં
ગુરૂવાર-શનિવારના
અંકમાં પ્રસિધ્ધ
★ ઓછામાં ઓછી ૪ લાઈન
★ ફકત રોકડા રૂપિયાથી સ્વીકારાશે
★ સવારના ૧૦ થી સાંજના ૮ સુધી
★ અમારે દરેક ગામ/શહેર એજન્ટ અને ખબરપત્રી દ્વારા પણ આપી શકાશે.

જોઈએ છે
શ્રી કડવા પાટીદાર વિદ્યાર્થીભુવન ટ્રસ્ટ - મોરબી સંચાલિત
શ્રી મેઘજીભાઈ પી. પટેલ બી.એડ્. કોલેજ, જોધપર(નદી)
સંલગ્ન સાયન્સ અભ્યાસક્રમ, સૌ. યુનિ.સંલગ્ન (સ્વનિર્ભર)
મોરબી રફાળેશ્વર બાયપાસ રોડ, કુમાર છાત્રાલય કેમ્પસ, જોધપર(નદી), તા.જી. મોરબી-૩૬૩૬૪૨. ફોન : ૯૮૨૫૭ ૪૩૧૮૭
નીચેની જગ્યાઓ ભરવા માટે ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે
■ પ્રિન્સીપાલ - ૧
■ બી.એડ્. માટે અધ્યાપકો : વિજ્ઞાન, ગણિત, કોમર્સ, ઈતિહાસ, ભુગોળ, અર્થશાસ્ત્ર, સંસ્કૃત, ગુજરાતી, હિન્દી, અંગ્રેજી
■ બી.એસ.સી. માટે અધ્યાપકો : ફિઝીકસ, કેમેસ્ટ્રી, માઈક્રો બાયોલોજી, મેથેમેટીકસ, બોટની, અંગ્રેજી
■ ગ્રંથપાલ ■ પી.ટી.આઈ.
લાયકાત, અનુભવ, પગાર ધોરણ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી તથા NCTE ના નિયમ મુજબ.
● જાહેરાત પ્રસિધ્ધ થયેથી દિવસ -૧૦ માં ઉપરોકત સરનામે રજી.એ.ડી.થી અરજી કરવી. ● અરજી સાથે લાયકાતના પ્રમાણપત્રો તથા અનુભવના પ્રમાણપત્રોની પ્રમાણિત નકલો જોડવી. ● અરજી સાથે પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફસ લગાવવો.
શ્રી રજનીશ એચ. બરાસરા, ઈ.ચા.પ્રિન્સીપાલ, શ્રી એમ.પી. પટેલ બી.એડ્. કોલેજ સંલગ્ન સાયન્સ અભ્યાસક્રમ જોધપર(નદી)
શ્રી આંબાલાલ પી. પટેલ, પ્રમુખશ્રી, શ્રી કડવા પાટીદાર વિદ્યાર્થી ભુવન ટ્રસ્ટ મોરબી
જીલ્લા ભવ(પરશુરામ પબ્લીસીટી, મોરબી)૯૪૨૭૭ ૨૧૫૪૩